**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૨/૧૨/૨૦૧૬ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૯૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી ૯૯ લીટર દેશી દારૂ, ૮૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૫,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૯૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાતઃ-** **સમાચાર યાદી નં.૨૨૯૭/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** કેતન રમેશંચંદ્ર પટેલ (ઉ.વ.૩૬) (રહે. મલય બંગ્લોજ, સાયન્સ સીટી રોડ, સોલા) એ તા.૨૬/૯/૧૬ થી ૩૧/૧૦/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ પ્લેટીનમ પ્લાઝા, પેટ્રોલ પમ્પ સામે પટેલ બ્રધર્શ એન્ડ ઇમાબેલ ટૂર એન્ડ ટ્રાવેલ્સ નામની ઓફીસે આરોપી (૧) ધ્રુતી પુંચ અને (૨) વીપુલભાઇ એ કેતન પટેલ તેમજ કેતન પટેલના મિત્રો પાસેથી સીંગાપોર, થાઇલેંડ અને મલેશીયા ના પેકેજ પેટે રૂપિયા ૧૯,૫૫,૦૦૦/- મેળવી લઈ ટુરમાં નહી લઈ જઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ અંગેની ફરીયાદ કેતન પટેલે તા.૧૧/૧૨/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** સંદીપભાઇ કનૈયાલાલ જમ્મડ (જૈન) (ઉ.વ.૪૬) (રહે. ચીનમય ટાવર ગુરૂકુળ રોડ સુભાષચોકની બાજુમા મેમનગર) એ તા.૧૧/૧૨/૧૬ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૧૨/૧૬ કલાક ૧૧/૦૦ થી તા.૯/૧૨/૧૬ કલાક ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન રાજસ્થાનના વતની હોવાનુ જણાવી આરોપી વિરાજ ગોએલ સંદિપભાઈના ઘરે પી.જી.તરીકે રહી સંદિપભાઈને વિશ્વાસમાં લઈ નવા દરની નોટો માતા-પિતાને મોકલવાની છે તેમ કહી સંદિપભાઈ પાસેથી જુના દરની નોટો ના બદલે નવા દરની નોટો રૂપિયા ૫૧,૦૦૦/- લીધા હતા. ત્યારબાદ સોનાના દાગીના પહેરી ફોટા પડાવવાનુ કહી સંદિપભાઈ પાસેથી સોનાની ચેઈન, સોનાની વિંટી નંગ-૪ મળી કુલ રૂપિયા ૧,૬૩,૦૦૦/- મતા લઈ છેતરપીંડી કરી નાસી ગયો છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કમલેશભાઈ કાળાભાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૯૮/૧૬**

**સેટેલાઈટઃ** ઇન્દુબહેન બળદેવભાઇ દામાણી (રહે. પ્રકુતી કુંજ સોસાયટી સામે શ્રેયસ ફાઉંડેશન આંબાવાડી) એ તા.૧૧/૧૨/૧૬ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૨/૧૬ સાંજના ૫/૦૦ થી તા ૧૧/૧૨/૧૬ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીની વસ્તુઓ અને સાડીઓ મળી કુલ રૂપિયા ૧,૫૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૯૯/૧૬**

**નરોડાઃ** કનુભાઇ ચંદુલાલ મોદી (રહે.ગામ-દધાલીયા તાલુકો-મોડાસા જીલ્લો-અરવલ્લી) તા.૧૦/૧૨/૧૬ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે સારંગપુર બસ સ્ટેન્ડ થી નરોડા એસ.ટી.બસ સ્ટેન્ડ જવા માટે સફારી ગાડીમાં બેઠા હતા. દરમ્યાન સફારી ગાડીના ચાલકે કનુભાઈનો થેલો ગાડીની પાછળની સીટમાં મુકાવ્યો હતો. મુસાફરી દરમ્યાન ગાડીના ચાલકે અને ગાડીમાં બેઠેલ બે પુરૂષોએ ભેગા મળી કનુભાઈના થેલામાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ કનુભાઈ મોદીએ તા.૧૧/૧૨/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **પોલીસ સમાચાર નં.૨૩૦૦/૧૬**

જે ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ નિર્મલાબહેન રાજેશભાઈ ચારણ (રહે. વસંતનગરના છાપરાં ચમક ચુના પાછળ ઠક્કરનગર) એ જે ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૧૬ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે નારોલ સર્કલથી ઈસનપુર જવાના રોડ ઉપર મારૂતિ સુઝુકી શો રૂમ સામેથી શટલ ઓટો રિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે વેગન આર કારના ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા ઓટો રિક્ષાને ટક્કર વાગતા રિક્ષા પલ્ટી ખાઈ જતા નિર્મલાબહેનને ઈજાઓ થઈ હતી અને રિક્ષા ચાલક દિલીપભાઈ નાનજીભાઈ (ઉ.વ.૫૨) (રહે.સાંડીવલ ફ્લેટ સરસપુર)ને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલજી હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી વી જાડેજા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૦૧/૧૬**

**નવરંગપુરાઃ** કમુબહેન છનાભાઇ રાવળ (ઉ.વ.૬૦) (રહે.રાવળવાસ લીબર્ટી ભગતના છાપરા નવરંગપુરા) એ કોઈ કારણસર તા.૧૧/૧૨/૧૬ કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં કલાક ૪/૨૦ વાગે સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બી એમ પાંડોર ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)